જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : સંજય મેહરા

વિ. સં. ૨૦૭૪ । ગુરુવાર । તા. ૨૫-૧૦-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

બળાત્કાર કેસમાં ડભોલી સ્વામીનારાયણ મંદિરના સંન્યાસી નિકુંજ સ્વામીની ધરપકડ

નિ:સહાય મહિલાને આર્થિક મદદ કરવાના બહાને બોલાવી મંદિરના સ્વામીએ બે વખત બળાત્કાર કર્યો હતો



સુરત

ડભોલી ચાર રસ્તા સ્વામીનારાયણ મંદિરમાં જ સાધુ નિકુંજ ઉર્ફે કારણ સ્વરૂપદાસ બાબુભાઈ સવાણીએ ૨૦ વર્ષીય યુવતી ઉપર બબ્બે વખત બળાત્કાર ગુજારતા સ્વામીનારાયણ સંપ્રદાયમાં ખળભળાટ વ્યાપી ગયો હતો. કતારગામ પોલીસે વાસનાલોલુપ ૨૪ વર્ષીય સાધુની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે. કતારગામ પોલીસે સૂત્રોના જણાવ્યા મુજબ ડભોલી ચાર રસ્તા સ્વામીનારાયણ મંદિરના સાધુ નિકુંજ ઉર્ફે કારણ સ્વરૂપદાસ બાબુભાઈ સવાણી ઉ.વ.૨૪ વિરૂદ્ધ ૨૦ વર્ષીય યુવતીએ બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. પીડિતા ફરિયાદી યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે આરોપી સાધુએ ફરિયાદી પીડિતાની માતાની આંગળીઓના ઓપરેશન માટે રૂપિયા આપશે તેવી વાતો કરી સાધુએ ફરિયાદીને અઠવાડીયા પહેલા તથા ગઈકાલે મંદિરે બોલાવી એક રૂમમાં લઈ જઈ બળાત્કાર ગુજારી સમાજમાં બદનામ કરી દેવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે પીડિતાએ કતારગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પીઆઈ એમઆઈ પઠાણે તુરંત ફરિયાદ નોંધી સાધુ નિકુંજ ઉર્ફે કારણસ્વરૂપ દાસ બાબુભાઈ સવાણીની ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું છે. ડભોલી ચાર રસ્તા સ્વામીનારાયણ મંદિરમાં જ સાધુએ બબ્બે વખત એક યુવતી ઉપર બળાત્કાર ગુજાર્યાના સમાચાર વાયુવેગે પ્રસરતા સાધુ સંત સમાજમાં ખળભળાટ વ્યાપી ગયો હતો.



સમગ્ર ભારતમાં ચંદની પડવાનો તહેવાર માત્ર સુરતના લોકો દ્વારા દર વર્ષે શરદપૂનમના બીજા દિવસે ઉજવવામાં આવે છે. ચંદની પડવાની ઉજવણીમાં સુરતના લોકો ઘારી અને ભૂસાની જયાફત માણતા હોય છે. ચંદની પડવાના તહેવાર સંદર્ભે ફરસાણની દુકાનમાં મોટી માત્રામાં ફરસાણ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

સમગ્ર ભારતમાં માત્ર સુરત શહેરના તહેવાર ચંદની પડવાની ઉજવણી કરાશે

આજે સુરતના લોકો ઘારી અને ભૂસાની જયાફત માણશે

સુરત

સુરત શહેરનો પોતાનો કહેવાતો તહેવાર એટલે ચંદની પડવો આજે રાત્રે શરદ પૂનમ બાદ આવતીકાલે ઉત્સવઘેલા સુરતીઓ કરોડો રૂપિયાની ઘારી અને ભૂંસુ ખાઈને અનોખી રીતે ચંદની પડવાનો તહેવાર ઉજવશે.

સુરત શહેરનો પોતાનો કહેવાતો તહેવાર એટલે ચંદની પડવો આજે રાત્રે શરદ પૂનમ બાદ આવતીકાલે ઉત્સવઘેલા સુરતીઓ કરોડો રૂપિયાની ઘારી અને ભૂંસુ ખાઈને અનોખી રીતે ચંદની પડવાનો તહેવાર ઉજવશે. નવરાત્રિ મહોત્સવની ઉજવણી પૂર્ણથઈ છે અને દિવાળી મહાપર્વની તૈયારીઓ ચાલી રહી છે તે દરમિયાન આજે રાત્રે શરદપૂનમે ચંદ્ર સોળ કલાએ ખીલશે. ચંદ્રની શીતળતામાં પરંપરાગત રીતે દૂધ-પોઆ ખાઈને ઉજવણી કરતા હોય છે. શરદ પૂનમ બાદ બીજો દિવસ એટલે ચંદની પડવો. સુરત શહેરનો પોતાનો અનેરો તહેવાર ઉજવાય છે. ઉત્સવઘેલા સુરતીઓ એક દિવસના તહેવારની ઉજવણી માટે સોથી દોઢસો કરોડની ઘારી અને ભૂંસુ આરોગી જતા હોય છે. સુરતીઓ ચંદની પડવાની રાત્રે શહેરના ડુમસ રોડ પર ઊમટી પડે છે. અઠવાલાઈન્સથી લઈને ડુમસ સુધી ગૌરવપથની બન્ને બાજુ ફૂટપાથ ઉપર સુરતીઓ સહપરિવાર, મિત્રો, સંબંધીઓ સાથે પાથરણા પાથરી ખુલ્લા આકાશમાં ચંદ્રની શીતળ છાયામાં ઘારી-ભૂસુ આરોગી અનોખી રીતે ચંદની પડવો ઉજવે છે. શહેરની મીઠાઈ દુકાનોમાં ચંદની પડવા નિમિત્તે વિવિધ ફલેવરની ઘારી વેચવા માંડી છે. જાણીતી દુકાનેથી જ ઘારી લેવા ટેવાયેલા સુરતીઓ કલાકો સુધી ઘારીની દુકાને લાઈનમાં ઊભા રહે છે આવતીકાલે કરોડો રૂપિયાનું ઘારી-ભૂસુ આરોગીને શહેરીજનો ચંદની પડવાનો તહેવાર ઉજવશે.

કામરેજમાં કારમાંથી પોલીસે દારૂ પકડ્યો

સુરત

કામરેજ ગામના મીરચર નગર ખાતેથી પસાર થતી એક કારમાંથી પોલીસે વગર પાસ પરમીટની ૬૭૨ નંગ વિદેશી દારૂની બોટલ કબજે કરી કાર ચાલક અને બુટલેગરની ધરપકડ કરી હતી. જ્યારે દારૂનો જથ્થો મોકલનાર વિકાસ ચૌધરીને પોલીસે વોન્ટેડ બતાવ્યો હોવાનું જાણવા મળે છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજ ગામના લુહાર ફળીયામાં ઈરફાન ઘાંચી રહે છે. તેઓ કામરેજ ગામના મીરચર ફળીયામાંથી ગોલ્ડન કલરની મારૂતિ કંપનીની ઝેન કારમાં વિદેશી ઈંગ્લિશ દારૂનો જથ્થો વગર પાસ પરમીટનો મુકી ત્યાંથી પસાર થતા હતા. ત્યારે પોલીસે તેમની કાર આંતરીને તપાસ કરતા ૬૭૨ નંગ ઈંગ્લિશ દારૂની બોટલ કિંમત રૂા.૩૩૬૦૦, ૩૦ હજારની કાર, બે મોબાઈલ ફોન કિંમત રૂા.૧૧,૫૦૦ મળી કુલ રૂા.૭૫૦૦૦નો મુદ્દામાલ કબજે કરી ચાલક ઈરફાન ઘાંચીની ધરપકડ કરી હતી. જોકે મસમોટો દારૂનો જથ્થો મોકલનાર વિકાસ ચૌધરીને પોલીસે વોન્ટેડ બતાવ્યો હોવાનું જણાવ્યું હતું.

સુરત આરટીઓ દ્વારા દ્વિ-ચક્રીય વાહનો માટેના નંબરોની હરાજી

તા.૧લી નવેમ્બર સુધીમાં ઓનલાઈન અરજી કરી શકાશે

સુરત

સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા દ્વિ-ચક્રીય વાહનોના GJ05.SK સિરીઝના ૧ થી ૯૯૯૯ માટેના પસંદગીના નંબરોની ઓનલાઈન હરાજી કરવામાં આવશે. ઓનલાઈન હરાજીની અરજી તા.૨૯/૧૦/૨૦૧૮ થી તા.૦૧/૧૧/૨૦૧૮ દરમિયાન કરી શકાશે. જેમાં http:/parivahan. gov.in/fancy પર ઓનલાઈન ફોર્મ ભરી રજિસ્ટ્રેશન કરી પસંદગીના નંબરો મેળવવા ઈચ્છુક વાહન માલિકો ભાગ લઈ શકશે. હરાજીનું બિડિંગ તા.૧લી નવેમ્બર થી તા.૨/૧૧/૧૮ના રોજ બપોરે ૨.૦૦ વાગ્યા સુધી ઓપન થશે. તા.૩જીના રોજ ફોર્મ જમા કરવાના રહેશે.

અરજદારોએ સાત દિવસમાં ઓનલાઈન સી.એન.એ. ફોર્મ સબમિટ કરવાનું રહેશે. જો આ ફોર્મ રજૂ નહિ કર્યું હોય તો નંબરની ફાળવવા કરવામાં નહિ. વાહનના સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિનની અંદરના જ અરજદારો હરાજીમાં ભાગ લઈ શકશે. સમયમર્યાદાની બહારની અરજીઓ રદ કરવામાં આવશે તેમ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, સુરત, પાલ દ્વારા જણાવાયું છે.

માંગરોળના હરસાણી ગામમાં ફટકા ઝીંકી મહિલાની હત્યા

લાકડાના ફટકા ઝીંકી દેવાતા મહિલાનું ઘટના સ્થળે મોત

સુરત

માંગરોળ તાલુકાના હરસણી ગામ ખાતે એક મહિલા પર લાકડાના ફટકા વડે હુમલો કરી મોત નીપજાવી એકઆરોપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ માંગરોળ પોલીસ મથકે નોંધાતા ચકચાર મચી જવા પામી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર માંગરોળ તાલુકાના હરસણી ગામ ખાતે નિલેશભાઈ મનહરભાઈ વસાવા રહે છે. તેમણે માંગરોળ પોલીસ મથકમાં નોંધાવેલી એક પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત દિવસોમાં હરસણી ગામના ખાંટા આંબા ફળીયા ખાતે રહેતા અને આરોપી હસમુખભાઈ ચુનીલાલ વસાવાએ કોઈપણ અગમ્ય કારણોસર લાકડાના ફટકા વડે તેમની માતા સોનાબેન વસાવા પર હુમલો કરી શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હત્યા કરી ફરાર થઈ ગયો હતો. આ બાબતની જાણ તેમના પુત્ર નિલેશભાઈને કરવામાં આવતા તેઓ પોલીસ મથકમાં પહોંચી ગયા હતા. જ્યાં પોલીસના કાફલા સાથે ઘટના સ્થળે પહોંચીને મૃતદેહનો કબજો લઈ પીએમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ધંધા માટે લીધેલા રૂા. ૨૮.૩૧ કરોડ પરત કરવાને બદલે ધાક-ધમકી

મધુરમ ટેક્સટાઈલના શિરોયા પરિવાર સહિત ૭ લોકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ

સુરત

રૂા. ૨૮.૩૧ કરોડ ધંધા માટે લીધા બાદ રૂપિયા પરત આપવાને બદલે ખોટા કેસોમાં ફસાવી દેવા સહિતની ધાક-ધમકી આપનારા સાત જણાં વિરુદ્ધ સરથાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ એ.કે. રોડ વિષ્ણુ નગર સોસાયટીમાં રહેતા તરંગ દેવશીભાઈ કથીરિયાએ આરોપી અલ્પેશ સવજી શિરોયા (ગ્રીન રેસિડેન્સી, અડાજણ) સુભાષ મનુ શિરોયા (રવિરાજ ફલેટ્સ અડાજણ) વિશાલ રમેશ શિરોયા (મધુર ટેક્ષટાઈર્લ્સ), મોહિત સુભાષ શિરોયા, ભાવેશ બાબુ ગોન્ડલિયા (એપલ ઈમ્પેક્ષ), એસ.આર. એન્ટરપ્રાઈઝ, પરમાનંદ વિનુભાઈ આસો દરિયા (મધુરમ ટેક્ષટાઈલ) વિરુદ્ધ સરથાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ ધંધાની જરૂરિયાત માટે ફરિયાદ પાસેથી રૂા. ૨૮,૩૧,૪૭૦૦૦ લીધા હતા. આ અંગે પ્રોમેસરી નોટ પણ લખી આપી હતી. ત્યારબાદ ફરિયાદી રૂપિયાની માગણી કરતા આરોપીઓએ ધાક-ધમકી આપી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

દુકાનદાર પાસેથી ઉધારીમાં રૂા. ૯.૬૦ લાખનો માલ ખરીદી ઠગાઈ

વેપારી નંદ કિશોર ડાયમાએ છેતરપિંડી કરી

સુરત

ઉધારમાં કાપડની ખરીદી કરી રૂપિયા ૯.૬૦ લાખની ઠગાઈ કરનાર વેપારી સામે ફરિયાદ નોંધાઈ હતી. સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વરાછા હીરાબાગ પૂર્વિ સોસાયટીમાં રહેતા હાર્દિક અરવિંદભાઈ સાવજે આરોપી નંદકિશોર ડાયમા (પ્રાઈમ સ્કવેર ટેક્ષ્ટાઈલ માર્કેટ, રીંગરોડ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદી પાસેથી બેંગ્લોરી તથા સાટીન કાપડની ખરીદી કરી રૂા. ૪૦,૦૦૦ રોકડા ચૂકવી રૂપિયા ૯,૬૦,૦૦૦ બાકી રાખ્યા હતા. આ પેમેન્ટ આજદિન નહીં ચૂકવી આરોપી નંદકિશોર ડાયમાએ વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. બનાવ અંગે સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. આમ ઉધારમાં કાપડની ખરીદી કરી આરોપી નંદ કિશોર સામે ૯.૬૦ લાખની છેતરપિંડીની પોલીસ ફરિયાદ સલાબતપુરા પોલીસ મથકે નોંધાવી હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે.



ઉધના-લીંબાયતને જોડતા નિર્માણધીન રેલવે ઓવરબ્રિજ માટે ઉધના ઉદ્યોગનગરમાં મૂકાયેલી લાઈન દોરીમાં નડતરરૂપ ૧૭ દુકાનોનું ડિમોલીશન આજે સવારથી પોલીસ બંદોબસ્ત સાથે શરૂ કરવામાં આવ્યું હતું.

કેન્દ્ર સરકારે મગફળીના ટેકાના ભાવ કર્યા જાહેર, ૧૫ નવેમ્બરથી ૧૦૦૦ રૂપિયા પ્રતિ મણ



ગાંધીનગરઃ મગફળીના ઉત્પાદનને લઈને કેન્દ્ર સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારની મદદથી રાજ્ય સરકાર મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્યના કૃષિમંત્રી આર.સી.ફળદુ અને અન્ન નાગરિક પુરવઠા મંત્રી જયેશ રાદડીયા દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી.

જેમાં આર.સી.ફળદુએ જણાવ્યું કે, કેન્દ્ર સરકારે મગફળીના ટેકાના ભાવ જાહેર કર્યા છે. રૂ.૪૮૯૦ પ્રતિ ક્વીન્ટન ભાવ જાહેર કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષ માટે ટેકાના ભાવ જાહેર કરાયા છે. પ્રતિ ક્વીન્ટલ રૂ.૧૧૫નો વધારો કરાયો છે.

મહત્વનું છે કે, મગફળીના ટેકાના ભાવે એક મણે ૨૩ રૂપિયા વધ્યા છે. પ્રતિ ક્વીન્ટલ રૂ.૧૧૦ ભાવ રાજ્ય સરકારનું બોનસ રહેશે. રાજ્ય સરકારના બોનસ સાથે પ્રતિ ક્વીન્ટલ રૂ.૫ હજારથી ખરીદી કરાશે. અગાઉ મણના ૯૭૮ હતા જે હવે વધીને ૧૦૦૧ રૂપિયા થયા છે.

નાફેડ વતી રાજ્યની નોડલ એજન્સી દ્વારા ખરીદી કરાશે. ક્વીન્ટલ દીઠ ૧૧૫ની મણમાં ૨૩ રૂપિયાની અસર. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ મગફળીની ખરીદી કરશે. ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર સુધી ખેડૂતો ઓનલાઈન નોંધણી કરાવી શકશે. ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રમાં નોંધણી કરાવી શકાશે. નોંધણી સમયે ૭/૧૨ અને ૮-અ નકલ જોડવાની રહેશે. ૧૨૨ કેન્દ્રો પરથી ખરીદી કરવામાં આવશે. APMC ખાતે ખરીદ કેન્દ્રો ઉભા કરાશે. સરેરાશ ઉત્પાદકતાને આધારે નિયત ગુણવત્તાવાળી મગફળીની ખરીદી કરાશે.

જો કે, ખરીદ પ્રક્રિયા CCTV કેમેરા ગોઠવવામાં આવશે. ખરીદ પ્રક્રિયાનું CCTV ફૂટેજ સંગ્રહીત રખાશે. ફ્લાઈન્ગ સ્કવોડ દ્વારા સમયાંતરે ચકાસણી હાથ ધરાશે. ૨૬.૯૫ લાખ મેટ્રીક ટન ઉત્પાદનની શકયતા છે. પ્રતિ ખેડૂત વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં ટેકાના ભાવે ખરીદી કરાશે. ૧૫ નવેમ્બર બાદ ખરીદીની શરૂઆત કરાશે. હેક્ટર દીઠ ઉત્પાદકતા અંદાજે ૧૮૩૬ કિલો. ટેગ સાથેના બારદનનો ઉપયોગ કરવામાં આવશે. ૧૦૦૦ રૂપિયા પ્રતિ મણના ભાવે મગફળીની ખરીદી કરાશે.

દક્ષિણ ગુજરાતમાં શિયાળાનો પ્રવેશ નવસારીમાં ૧૬.૪ ડિગ્રી તાપમાન

સુરતનું લઘુત્તમ તાપમાન ગઈકાલ કરતા આજે વધુ નોંધાયું

સુરત

શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે-ત્રણ દિવસથી તાપમાન આંશિક વધારો ઘટાડો નોંધાઈ રહ્યો છે આજે સવારે નવસારીમાં ૧૬.૪ ડિગ્રી અને સુરતમાં ૨૧.૫ ડિગ્રી ન્યુનત્તામ તાપમાન નોંધાયો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુબ ગતરોજ શહેરનું અધિકત્તમ તાપમાન ૩૭.૨ ડિગ્રી નોંધાયું હતું. આજે સવારે શહેરનું ન્યુનત્તામ તાપમાન ૨૧.૫ ડિગ્રી નોધાયું છે જે ગતરોજની સરખામણીએ દોઢ ડિગ્રી વધારે છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૩ ટકા તેમજ હવાનું દબાણ ૧૦૧૪.૨ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી પવનની ગતિ મંદ પડી છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તામ તાપમાન ૧૬.૪ ડિગ્રી નોંધાયું છે. મળસ્કે શહેરમાં ફૂલગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.



મહર્ષિ વાલ્મીકી જયંતી નિમિત્તે શ્રી ગોગાવીર મંદિર ટ્રસ્ટના ઉપક્રમે આજે સવારે ગોગા મેડી ભવન દિલ્હીગેટ પાસે આયોજિત કરાયેલા રક્તદાન શિબિરમાં વિવિધ અગ્રણીઓએ હાજર રહી સ્વૈચ્છીક રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

ભરથાણા ગામમાં રહેતો યુવક મુકેશ ગરાસિયા ગુમ

સુરત

અમરોલી પોલીસ જણાવ્યાં અનુસાર તા.૨૯/૦૯/૨૦૧૮ ના રોજ ૩૧૯, રણનગર સોસાયટી ભરથાણા ગામ સુરત ખાતે રહેતા સરદારસિંગ ગરાસિયાનો ૩૫ વર્ષીય પુત્ર મુકેશભાઈ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણ ઊંચાઈ ૫.૬ ફુટ છે. તેમણે કેસરી કલરનું શર્ટ તથા કાળા કલરનું પેન્ટ પહેરેલ છે. ડાબા હાથે દિલમાં પોતાનું નામનું છુંદણુ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલિસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

ઉધના ઉદ્યોગનગરમાં લાઈનદોરીના અમલ માટે ૧૭ દુકાનોનું ડિમોલીશન

ઉધના-લીંબાયતા ફલાય બ્રિજ માટે લાઈનદોરી મૂકવામાં આવી હતી

સુરત

આજે સવારે ઉધના રેલવે સ્ટેશન પાસે રોડ નંબર ઝીરો ખાતે ગરનાળા ખાતે આવેલ ૧૭ જેટલી દુકાનોમાં ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા લાઈનદોરીનો અમલ કરી એલાઈટમેન્ટમાં આવતી કોમર્સિયલ પ્રોપર્ટીનું ડિમોલીશન હાથ ધરાયું છે. ઉધના ઝોનના કાર્યપાલક ઈજનેર પી.ડી. મુન્શીના જણાવ્યા અનુસાર ઉધના રેલવે સ્ટેશન પાસે રોડ નં. ઝીરો ખાતે ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા લાઈનદોરી અને એલાયમેન્ટનો અમલ શરૂ કર્યો છે. ડિમોલીશનની કામગીરી માટે ઉધના ઝોનના સ્ટાફ દ્વારા કરવામાં આવી રહી છે.

ઉધના-લીંબાયતને જોડતો રેલવે ઓવર બ્રિજના નિર્માણ માટે અડચણરૂપ ૧૭ જેટલી દુકાનનોનું આજે ડિમોલીશન હાથ ધરવામાં આવ્યછું છે. ઉધના પોલીસના બંદોબસ્ત હેઠળ ડિમોલીશનની કામગીરી ચાલી રહી છે. તમામ ૧૭ જેટલી મિલકતો કોમર્સિયલ હોવાથી વૈકલ્પિક વ્યવસ્થા અપાઈ નથી. ટાઉન પ્લાનિંગ વિભાગનો સ્ટાફ તથા ઉધના ઝોનના સ્ટાફની મદદથી ડિમોલીશનની કામગીરી પોલીસ બંદોબસ્ત હેઠળ ચાલી રહી છે.

અમરોલી કોલેજ દ્વારા સાત દિવસની એનએસએસ શિબિર શેરડીમાં યોજાઈ

શેરડી ગામમાં ૭૦ વિદ્યાર્થીઓનું સ્વચ્છતા અભિયાન

સુરત

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનો એન.એસ.એસ. વિભાગ, દ્વારા શેરડી ગામ તા. (ઓલપાડ) મુકામે સાત દિવસીય ખાસ શિબીરનું આયોજન થયું હતું. તા. ૨૩-૧૭-૨૭૧૮ ને મંગળવારના રોજ મુખ્ય મહેમાનશ્રી ડૉ. ભાસ્કરભાઈ રાવલ પ્રો. વાઈસ ચાન્સલર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને ડૉ. ભરતભાઈ ઠાકોર, કો-ઓર્ડિનેટર, એન.એસ.એસ. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. જીવન જયોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, જીવન જયોત ટ્રસ્ટ કારોબારી સમિતિના સભ્ય સ્નેહલભાઈ શાહ, કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડા તેમજ ઈન્ચાજ આચાર્ય પ્રો.ડૉ.મુકેશભાઈ ગોયાણી અમરોલી સ્વનિર્ભર કોલેજ તેમજ અમરોલી કોલેજના સ્ટાફ સભ્યો ઉદ્ઘાટન પ્રસગે હાજર રહ્યા હતા.

કોલેજના ૭૦ જેટલા એન.એસ.એસ. સ્વયંસેવકો ૭ દિવસ ખાસ શિબિરમાં શેરડી ગામમાં જ રહી સ્વચ્છતા અભિયાન, શિક્ષણની જાગૃતતા, સાંસ્કૃતિક કાર્યક્રમ, વિવિધ સરકારી યોજનાઓ, તેમજ સામાજિક કાર્યક્રમો કરી ગ્રામજનોમાં જાગૃતિ ફેલાવવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાજેશ ડી. રાણા, પ્રો. વિજય એમ.ચૌધરી, પ્રો. જીતેન્દ્ર બી. ચૌધરી, પ્રો.નેહાબેન ઉપાધ્યાય તથા એન.એસ.એસ. સ્વયંસેવકો કરી રહ્યા છે.

સસરાએ પુત્ર વધૂને બાથમાં જકડી અઘટીત માગણી કરી

સસરાની શારીરિક કુચેષ્ટા અંગે પોલીસ ફરિયાદ

સુરત

છૂટક કાપડ વેચનાર સસરાએ પુત્રવધૂને બાથમાં ભરીને બીભત્સ માંગણી કરી જબરદસ્ત કરી હોવાથી ફરિયાદ પુત્રવધૂએ અમરોલી પોલીસ મથકે નોંધાવી હતી.

અમરોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અમરોલી ભગુ નગર વિધાતા એપાર્ટમેન્ટમાં રહેતા અને છૂટક કાપડ વેચતા કાળુભાઈ કરશનભાઈ પમારે પીડિતા પુત્રવધૂનો હાથ પકડી બાથમાં ભરી બીભત્સ માંગણી કરી જબરદસ્તીથી ઘરે લઈ જવા ફરિયાદી પીડિતાના પિતાને ગાળો આપી હતી. બનાવ અંગે અમરોલી પોલીસે ફરિયાદ નોંધી ઈ.પી.કો. કલમ૩૫૪ (એ), ૫૦૪ મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આમ છૂટક કાપડનું વેચનાર સસરાએ પુત્રવધૂ પર દાનત બગાડતા પુત્રવધૂએ સસરા વિરુદ્ધ અમરોલી પોલીસ મથકે કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી.

ફિલ્મોના ગીતોની ડીવીડી બનાવતા દુકાનદાર સામે ગુનો દાખલ કરાયો

કોપીરાઈટ એક્ટ મુજબ પોલીસ ફરિયાદ

સુરત

કડોદરા કિષ્ણાનગર અને શાંતિનગર ખાતે આવેલી એક દુકાનમાં વગર લાયસન્સે ફિલ્મો તથા ફિલ્મોની વીડિયો ફાઈલો રાકી મેમરી કાર્ડમાં કોપી કરી આપવાના ગુનામાં કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં ત્રણ આરોપીઓ સામે કોપીરાઈટ એક્ટની ફરિયાદ દાખલ કરવામાં આવતા ચકચાર મચી જવા પામી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કડોદરા સત્યમનગર ખાતે ગૌરવ કુશ્વાહા, તિરૂપતિ રેસીડેન્સી ખાતે સુરેન્દ્રકુમાર તથા વિજયકુમાર નંદલાલ સિંહ રહે છે. તેઓની એક દુકાન કડોદરા સોનીપાર્ક-૨ તથા શાંતિનગર ખાતે આવેલી છે. ગત દિવસોમાં યોગી ચોક ભવાની સોસાયટી ખાતે રહેતા શૈલેષ લાઠીયાએ પોલીસને સાથે રાખી તેમની દુકાનમાં દરોડા પડાવતા તેઓ કોમ્પ્યુટરની અંદર ઈગલ હોમ એન્ટરટેન્ટમેન્ટ કંપનીના ફિલ્મો અને ફિલ્મોની વીડિયો ફાઈલો રાખી વગર લાયસન્સે મેમરી કાર્ડમાં કોપી કરી ગ્રાહકોને વેચાણ કરી આપી નાણાં ખંખેરી લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. કડોદરા જીઆઈડીસી પોલીસે ત્રણ આરોપીઓ સામે કોપીરાઈટ એક્ટની ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી છે.

મહિલા હેલ્પલાઈન ૧૮૧ દ્વારા બે પરિવારોનું સમાધાન કરાયું

સમજાવટ બાદ બંને પરિવારોએ શાંતિથી રહેવાની ખાતરી આપી

નવસારી

નવસારી છાપરા વિસ્તારમાંથી એક યુવતીનો ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં કોલ આવતાં કે તેની નણંદ ધ્વારા મને તથા માર પતિને ઘરમાંથી બહાર કાઢી મૂકયા છે. અમારા બાળકો સાથે છેલ્લા ત્રણ દિવસથી બહાર બેસી રહયાં છે. જેમાં મદદ કરવા અપીલ કરી હતી. કોલ મળતાની સાથે ૧૮૧ મહિલા હેલ્પલાઈન રેસ્કયુવાન તાત્કાલિક સ્થળે પહોંચી હતી. પરિવાર સાથે કાઉન્સીલીંગ કરી મહિલા તથા તેના બાળકો પતિ સાથે ઘરમાં પ્રવેશ કરાવી સુખદ સમાધાન કરાવવામાં આવ્યું હતું.

બનાવની વિગત એવી છે કે જયોતિ નામની નવસારીની યુવતીના લગ્ન અતુલ(વલસાડ) ખાતે થયા હતાં. લગ્નના થોડા સમય બાદ તે અતુલ થી નવસારી પોતાના પિયરમાં પતિ સાથે રહેવી આવી ગઈ હતી. જયોતિના પતિ તથા ભાઈ સુરત ડાયમંડ મા કામ કરે છે અને બંને નણંદ, ભાઈ-ભાભી નવસારી છેલ્લા પાંચ વર્ષથી રહે છે. બંને નણંદ-ભાભીને બે બાળકો છે. બંને પરિવાર એક જ મકાનમાં રહેતા હોવાથી અવારનવાર ઝઘડાઓ થતા હતાં. જયોતિ લગ્ન બાદ પિયરમાં રહેવા આવી તથા અવારનવાર ઝગડા કરી ભાઈ-ભાભીને ગાળો તથા અપશબ્દો બોલે છે અને તેના પતિએ ભાઈ-ભાભીને ધકકા મારી કાઢી મૂકતા જેથી જયોતિના ભાભી રમીલાએ (નામ બદલેલ છે) ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં મદદ માટે કોલ કર્યો. મહિલા કાઉન્સેલર ધ્વારા બંને પરિવારનું કાઉન્સેલીંગ કરવામાં આવ્યું હતું. રમીલા જણાવતા કે લગ્ન કરી કરી હું સાસરીમાં આવું છું તેથી મારા સસરાના ઘરમાં રહેવાનો મને અધિકાર છે જયારે જયોતિબેન જણાવતા કે આ ઘર મારા મમ્મી-પપ્પાએ બનાવેલ છે તેથી મારો હકક છે. મકાન ખૂબ નાનું હોવાથી બે ભાગમાં વહેંચણી થઈ શકે તેમ નથી.બંને પરિવારને ખૂબ જ સમજાવટ બાદ તેઓ શાંતિથી સાથે રહેશે તેવી ખાત્રી આપી હતી. તેઓને જણાવેલ કે ડાયમંડમાં કાયમી નોકરી સુરત ખાતે છે તો એક પરિવાર સુરત પણ રહી શકે છે. આમ કાઉન્સેલીંગ ધ્વારા બંને પરિવારને સમજાવવામાં સફળ રહયાં હતાં.

ભાઈને પૈસા આપવા નીકળેલો વૈભવ કાનપરીયા લાપતા

સુરત

ખટોદરા પોલીસ સ્ટેશનના જણાવ્યાનુસાર તા.૧૬/૧૦/૨૦૧૮ના રોજ ગોદાવરી પાર્ક સોસાયટી ખાતે રહેતા ૨૧ વર્ષીય વૈભવ ઘનશ્યામભાઈ કાનપરીયા લાલવાલા કંપાઉન્ડ પાસે શોપ નં.૫ શ્રીનાથજી એમ્બ્રોડરીના ખાતામાંથી પોતાના નાનાભાઈ અભયને પૈસા આપવાનું કહીને બાઈક નં.જીજે.૦૫,ઇઇ૫૧ લઈને કયાંક ચાલ્યા ગયા છે. જે ઘરે પરત આવ્યા નથી. જે શરીરે મજબુત બાંધાના, રંગે ધઉવર્ણી, ઉચાઈ આ.પ.૬ ફુટ છે. રાખોડી રંગનું ફુલ ડિઝાઈનવાળો લાંબી બાંયનો શર્ટ તથા બ્લ્યું રંગનું જીન્સ પહેર્યું છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા ખટોદરા પો.સ્ટે.નો સંપર્ક સાધવા જણાવાયું છે.

વરાછામાં રહેતી ૨૦ વર્ષની અસ્મિતાબેન નકુમ લાપતા

સુરત

વરાછા પોલીસ જણાવ્યાં અનુસાર તા.૦૮/૧૦/૨૦૧૮ ના રોજ ૧૪૫, હરિધામ સોસાયટી અર્ચના સ્કુલની પાસે વરાછા સુરત ખાતે રહેતા દુલાભાઈ નકુમની ૨૦ વર્ષીય પુત્રી અસ્મિતાબેન ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણ ઊંચાઈ ૪.૭ ફુટ છે. હાથ પર સ્ટારનું છુંદણું છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા વરાછા પોલિસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

મજૂમદાર લલિત કલા ટ્રસ્ટના ઉપક્રમે ૪૦'મી શેરી ગરબા સ્પર્ધા રંગેચંગે સંપન્ન

સુરત

નવસારી નગરે ગરબાને શેરીમાં ગુંજતો રાખી સાતત્યતાથી ૪૦ વર્ષના ઉંમરે આવીને ઉભેલી સંસ્થા મજુમદાર લલિતકલા ટ્રસ્ટની ૪૦મી શેરી ગરબાનું દીપ પ્રગટીકરણ ઉદ્યોગપતિ મહેશભાઈ કંસારાએ કંસારવાડમાં કર્યું. ત્યારે અનોખો માહોલ સર્જાયો હતો. તેમણે સંસ્થાને શેરી ગરબાની સુવર્ણ જયંતી માટે શુભેચ્છા પાઠવી હતી. નવસારી કંસારા સમાજ યુથ ક્લબે ૪૦માં વર્ષને સત્કારવા સમગ્ર મહોલ્લાને તોરણોથી શણગારી ૪૦માં વર્ષની કેક પણ મહેમાનોના હસ્તે કપાવી હતી.

ટ્રસ્ટી અને મંત્રી પ્રા. જશુભાઈ નાયકે લલિતકલા ટ્રસ્ટના સ્થાપકો શ્રીપાદ ફળણીકર, ચંદ્રકાંત પંડ્યા, કુસુમબેન મજમુદાર, વીરમતીબેન કંસારા, બી.કે. શાહ, વિનોદ પંડ્યા અને જીવણજી યુ. પટેલને સ્મરી તેમના નગર માટેના સાંસ્કૃતિક પ્રેમ-વિઝન અને મિશનને ભાવાંજલિ આપી હતી. કંસારવાડ, હવેલી મહોલ્લો, નાગરવાડ, પંડ્યા ખડકી, બંધારવાડ અને દેસાઈવાડ કાલીયાવાડીના મહોલ્લાની બહેનોએ સાતત્યતાથી ગરબાને શેરીમાં રમાડ્યો છે. લલિતકલા ટ્રસ્ટે શેરી ગરબા સ્પર્ધા માધ્યમે અસ્મિતાનું સંવર્ધન કર્યું. એ નાની ઘટના નથી. પ્રારંભમાં કંસાર સમાજના પ્રમુખ નિતીન કંસારા અને રેખા તથા મયુર કંસારાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ ૪૦મી શેરી ગરબા સ્પર્ધામાં ૧૪ શેરી મંડળો, ૩૮૫ કલાકાર બહેનો સ્પર્ધક બન્યા હતા. સંગીતજ્ઞ આશા પારેખ, નેહા પટેલ, નુપૂર તથા અંકિતા પટેલે નિર્ણાયક પદેની સેવા આપી હતી. અન્ય મહોલ્લાઓ-શેરીઓમાં પણ ૪૦માં વર્ષને આવકારતા બેનરો મુકાયા હતા. ટ્રસ્ટના મંત્રી સતીષ પંડ્યાએ સાથ સહકાર માટે શેરી મંડળોનો આભાર માન્યો હતો. પરિણામો :- મહિલા વિભાગ સંગિની ગ્રુપ, શાંતિ એપાર્ટમેન્ટ, મંકોડીયા, કંસાર યુથ ક્લબ, કંસારવાડ, શિવદર્શન સોસાયટી, ગણદેવી રોડ, યુવતી વિભાગ : કંસાર યુથ ક્લબ, કંસારવાડ, બાળ વિભાગ : સીટી સ્કવેર એપાર્ટમેન્ટ, લુન્સીકુઈ, સપર્ધક શેરીઓને સ્થળ ઉપર જ આકર્ષક લ્હાણીનું વિતરણ થયું હતું.

ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસે લાખોના જુગાર સાથે ૧૧ જુગારીઓને ઝડપી પાડ્યા.



ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા અપાયેલ પ્રોહી.અને જુગાર ની બદીને કડક હાથે દાબી દેવાની સૂચના મુજબ ભરૂચ બી ડિવિઝન પોલિસે બાતમીના આધારે જુગાર રમતા ૧૧ જુગારીઓ સાથે ૨ લાખ ઉપરાંતનો જુગાર ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભરૂચ બી પોલીસને મળેલ બાતમીના આધારે ત્રણકુવા વિસ્તારમાં આવેલ નવીનગરી પાસે બેકરીની સામેના મકાનની પાછળના ભાગે ઐયુબ ઉર્ફે બકરો ઈસ્માઈલ નાલબંધ જાહેરમાં જુગાર રમાડે છે.બાતમી વાળી જગ્યા પર પોલીસે દરોડા પાડતા પત્તાપાનાનો જુગાર રમતા ૧૧ આરોપીઓ રંગે હાથે ઝડપાઈ ગયા હતાં.

પોલીસે ઝડપાયેલા જુગારીઓના દાવ પર લાગેલ રૂપિયા ૨૪,૬૯૦ તથા અંગ જડતીમાંથી રૂપિયા ૮૬,૭૦૦ મળી કુલ રૂપિયા ૧,૧૧,૩૯૦ તથા મોબાઈલ નંગ ૭ જેની કિંમત રૂપિયા ૧૫,૫૦૦ અને એક બુલેટ મોટર સાયકલ જેની કિંમત ૮૦,૦૦૦ મળીને કુલ ૨,૩૬,૮૯૦નો મુદ્દામાલ કબ્જે કરીને જુગારીઓ સામે જુગાર ધારની કલમ હેઠળ કાર્યવાહી કરી વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે.

દહેજ પોલીસે ઈંગ્લીશ દારૂની બોટલો સાથે એક ઈસમને ઝડપી પાડ્યો

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા ની જિલ્લાને દારૂ જુગાર મુક્ત કરવાની કડક સૂચના મુજબ ભરૂચની દહેજ પોલીસે બાતમીના આધારે એક સ્કોર્પિયો ગાડીમાંથી વિદેશી દારૂની બોટલો સાથે એક ઈસમને ઝડપી પાડ્યો

બનાવની મળતી માહિતી મુજબ દહેજ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગ હતો.તે દરમિયાન બાતમી મળી હતી કે,તેવો દ્વારા નાકાબંધી ગોઠવી હતી.તે સમયે બાતમી વાળી સ્કોર્પિયો ગાડી નંબર જીજે-૧૬-બીબી-૪૯૯૧ નો ચાલાક હિતેશ ઉર્ફે લાલો ગણપત ગોહિલ પોતાની ગાડીમાં ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૭૧ કિંમત રૂપિયા ૨૮,૪૦૦ તથા ગાડીની કિંમત ૩ લાખ અને બે મોબાઈલ સાથે કુલ રૂપિયા ૩,૩૦,૯૦૦ સાથે પકડાઈ ગયો હતો.

બનાવ સંદર્ભે પોલીસે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.તથા માલ લેનાર આરોપી પંકજ થઈ જતા તેની ઝડપી પડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

રાણપુરમાં નદીકાંઠે આવેલ સ્વામિનારાયણ મંદીરે શરદ પુર્ણિમાની ઉજવણી કરાઈ

સાળંગપુર કષ્ટભંજન દેવ મંદીરના સંતોની હાજરીમાં સત્સંગ સભા યોજાઈ



બોટાદ જીલ્લાના રાણપુરમાં ભાદર નદીકાંઠે આવેલ સ્વામિનારાયણ મંદીરે શરદનુર્ણિમાંની ભવ્ય ઉજવણી કરાઈ જેમા સાળંગપુર કષ્ટભંજન દેવ મંદીરના સંત શ્રી હરિપ્રકાસદાસજી સ્વામી ખાસ પધાર્યા હતા અને કથાવાર્તાનો લાભ આપ્યો હતો આ સમયે સંતોએ કિર્તન ગાવાનુ ચાલુ કરતા અને રસિયો રાસ રમે કિર્તન ચાલુ થતા રાણપુર ના હરિભક્તોએ પણ રાસ રમવાનુ ચાલુ કરી દીધુ હતુ શરદપુર્ણિમાંની આ સત્સંગ સભામાં શ્રી હરિપ્રકાસદાસજી સ્વામીએ શરદપુર્ણિમાં નુ શુ મહત્તવ છે તેની વિષેશ વાતો કરી હતી અને આગામી ૨૭ તારીખથી સાળંગપુર ખાતે સૌ પ્રથમવાર હનુમંત કથા ત્રણ દીવસ યોજાવાની હોય તમામ રાણપુરના હરિભક્તોને સાળંગપુર પધારવા ખાસ આમંત્રણ આપવામાં આવ્યુ હતુ આ શરદપુર્ણિમાંની સત્સંગ સભામાં મોટી સંખ્યામાં હરિભક્તો હાજર રહ્યા હતા અંતમાં દુધપૌવાની પ્રસાદી આપવામાં આવી હતી.

અંકલેશ્વરમાં નાણા વાપરવાની બાબતે થયેલી તકરારમાં મિત્રોએ જ કરી નાંખી મિત્રની હત્યા

મૂળ ઉત્તર પ્રદેશનાં અને હાલ સંજાલી ગામે રહી છૂટક મજૂરી કામ કરતા યુવાનો વચ્ચે નાણા બાબતે શનિવારે તકરાર થઈ હતી

અંકલેશ્વરના સંજાલી ગામે ત્રણ દિવસ પૂર્વે એક અજાણ્યા યુવાનની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. આ યુવાનની હત્યાના મામલામાં ગ્રામ્ય પોલીસે એક શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે અન્ય બે યુવકો ફરાર થઈ ગયા હત. રૂપિયા વાપરવા બાબતે થયેલી તકરારમાં યુવાનની હત્યા થઈ હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

અંકલેશ્વર તાલુકાના સંજાલી ગામે રહેતા મૂળ ઉત્તરપ્રદેશના યુવાન મીથીલેશ પાલની હત્યા થઈ હતી. રવિવારના રોજ મીથીલેશનો મૃતદેહ સંજાલી ગામના તળાવ નજીકથી અર્ધનગ્ન હાલતમાં મળી આવ્યો હતો. આ અંગે ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાયા બાદ પોલીસે તપાસ શરુ કરી હતી. જેમાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. યુવાનની હત્યા બીજા કોઈએ નહિં પરંતુ તેના જ ત્રણ મિત્રોએ કરી હોવાનો ખુલાસો થયો છે.

મૃતક યુવાન મીથીલેશ અને તેના ત્રણ મિત્રો છૂટક મજુરી કામ કરતા હતા. શનિવારની રાત્રે તેમની વચ્ચે મજુરીના રૂપિયા વાપરવા બાબતે તકરાર થઈ હતી. જેમાં ઉશ્કેરાયેલા મિત્રોએ મીથીલેશ પાલની લાકડાના સપાટા મારી હત્યા કરી દીધી હતી. બાદમાં લાશને ફેંકીને ફરાર થઈ ગયા હતા. પોલીસે આ મામલામાં મૂળ ઉત્તર પ્રદેશના જ રહેવાસી અને હાલ સંજાલી ગામે રહેતા મહમદ ઈમરાન શાબીર અલી શેખની ધરપકડ કરી છે. જયારે અન્ય બે મિત્રો ફરાર થઈ જતા તેઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

મોરબીમાં ઉમિયા માનવ સેવા ટ્રસ્ટનો "શષ્ટમ વાર્ષિકોત્સવ' સમારોહ યોજાશે

મોરબી:.શ્રી ઉમિયા માનવ સેવા મંડળ દ્વારા તા. ૨૮ ને રવિવારે સવારે ૯ કલાકે ઊઁ પાર્ટી પ્લોટ, રવાપર ચોકડી ખાતે "શષ્ટમ વાર્ષિકોત્સવ" યોજાશે જે સમારોહમાં પાટીદારના ૨૩૦ જેટલા મોરબી જિલ્લાના ખુબજ ગરીબ પરિવારને વસ્ત્ર પ્રસાદ વિતરણ, સિલાઈ મશીન વિતરણ કરવામાં આવશે સાથે જ દાતાઓ તેમજ વિશિષ્ટ પ્રતિભા પ્રાપ્ત કરનાર એવા આ.ઈ.એ.એસ. જી.પી.એસ.સી.ની પરીક્ષા પાસ કરી હાલ કલાસ ૧ અને ૨ માં ફરજ બજાવતા પાટીદારોનું તેમજ સમાજના દાતાઓ નું સન્માન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે

મોરબીમાં ઉમિયા માનવ સેવા ટ્રસ્ટ દ્વારા પાટીદાર સમાજના આર્થિક રીતે નબળા ૨૧૨ પરિવારો માટે છેલ્લા ૬ વર્ષથી સેવા યજ્ઞ ચાલી રહ્યો છે. આ ૬ વર્ષમાં ટ્રસ્ટ દ્વારા દર મહિને આર્થિક જરૂરિયાતો, કપડા, બાળકો માટે શૈક્ષણિક સહાય, મેડિકલ ખર્ચ સહિતની રૂ. દોઢ કરોડની સહાય આપવામાં આવી છે. આ સાથે આગામી સમયમાં જિલ્લાના ૧૫૦ નિરાધાર વૃધ્ધ માટે અનેક સુવિધાઓથી સજજ માનવ સેવા મંદિર બનાવવાનો સંકલ્પ પણ કરવામાં આવ્યો છે.

મોરબીમાં ઉમિયા માનવ સેવા ટ્રસ્ટની પાટીદાર સમાજના નબળા વર્ગના લોકો માટે કરાતી સેવાકીય પ્રવૃતિઓ અંગે ટ્રસ્ટના પ્રમુખ પોપટભાઈ કગથરા, ઉપપ્રમુખ ગોપાલભાઈ ચારોલા, પોપટભાઈ ગોઠી, ઠાકરશીભાઈ ક્લોલા, દિનેશભાઈ વડસોલા અને અમરશીભાઈ અમૃતિયાએ જણાવ્યું કે આ ટ્રસ્ટ પહેલેથી જ સમાજ માટે સેવાકીય પ્રવૃતિઓ કરતું આવ્યું છે. પરંતુ ૬ વર્ષ પૂર્વે સીદસરની ઉમિયા માતાજી મંદિરની સંસ્થાએ ગામડાના છેવાડાના લોકોના ઉત્થાન માટે હાલો ભેરુ ગામડે પ્રોજેકટ અમલમાં મુક્યો હતો. તે અંતર્ગત ટ્રસ્ટના લોકો મોરબી જિલ્લાના ગામડે ગામડે ફર્યા હતા અને લોકોનો સંપર્ક કર્યો હતો. આ વેળાએ ધ્યાનમાં આવ્યું હતું કે પાટીદાર સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકો દયનિય હાલતમાં જીવન પસાર કરી રહ્યા છે.

મોરબીમાં શરદપૂનમ નિમિતે રાજપૂત સમાજ દ્વારા હવન યોજાયો



મોરબી અને ટંકારા તાલુકામાં વસતા ઝાલા રાજપૂત સમાજ દ્વારા આજે શરદ પુનમ નિમિતે શકત શનાળા મંદિરે હવન યજ્ઞાદીનું આયોજન કરવામાં આવ્યું હતું અને હવન બાદ માહાપ્રસાદનો લાભ ઝાલા રાજપૂત પરિવારોએ લીધો હતો

શકત શનાળા ગામના શકિત માતાજીના મંદિરે સવારે યજ્ઞ વિધિ શરુ થઈ હતી તો ત્યારબાદ મહેમાનોના સામૈયા કરવામાં આવ્યા હતા યજ્ઞાદીનો લાભ લેવા સમાજના અગ્રણીઓ અને સંતો મહંતો ઉપસ્થિત રહ્યા હતા જે મહેમાનોના પરંપરા મુજબ સામૈયા કરવામાં આવ્યા હતા તો આ તકે શનાળા ગામના દીકરા અને દીકરીઓની ટીમે રાસ રજુ કર્યા હતા યજ્ઞ બાદ મહાપ્રસાદનો પણ ઝાલા રાજપૂત પરિવારોએ લાભ લીધો હતો ધાર્મિક મહોત્સવને સફળ બનાવવા શ્રી આદ્યશકિત ચેરીટેબલ ટ્રસ્ટ શકત શનાળાના બાપાલાલસિંહ ઝાલા અને ક્રિપાલસિંહ ઝાલા સહિતના અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી.

હવન અને મહાપ્રસાદનો રાજપૂત સમાજે લાભ લીધો

કેવડિયા કોલોની ખાતે રેલવે સ્ટેશનની કામગીરીની શરૂઆતમાં વિલંબ

રેલવે વિભાગે જે જમીન સર્વે કર્યો એ ખાનગી નીકળ્યો

મુખ્ય મલિક ચંચળબેન પુનિયાભાઈ તડવી કે જે ૨૧૯ સર્વે નંબરનો કબ્જો ધરાવે છે, આ ૨ એકર જમીનમાં સરકારે સંપાદિત જમીન સમજી રેલવે સ્ટેશન બનાવવાનું નક્કી કર્યું ત્યારે આ વિવાદ થતા રેલવે લાઈન પુનઃ વિવાદમાં આવી છે.

રાજપીપળા : સ્ટેચ્યુ ઓફ યુનિટી ને લઈને પ્રવાસીઓ માટે મુસાફરીની સુવિધા વધારવા ચાંદોદ થી રેલવે લાઈન સીધી કેવડિયા લાવવાનો પ્લાનિંગ સરકાર નો છે એટલે રાજપીપલા બાયપાસ છોડી કેવડિયા કોલોની લાવવાની યોજના મુકાઈ જે માટે રેલવે બોર્ડ સચિવ,એમડી તમામે વિઝીટ પણ કરી અને કેવડિયા કોલોની ખાતે પોલીસ સ્ટેશન સામે રેલવે જંકશન બનાવવાનું નક્કી થયું હતું જેનું કામ આજથી શરૂ કરતા મુખ્ય મલિક ચંચળબેન પુનિયાભાઈ તડવી કે જે ૨૧૯ સર્વે નંબરનો કબ્જો ધરાવે છે, આ ૨ એકર જમીન માં સરકારે સંપાદિત જમીન સમજી રેલવે સ્ટેશન બનાવવા નું નક્કી કર્યું ત્યારે આ વિવાદ થતા રેલવે લાઈન પુનઃ વિવાદ માં આવી છે.

કેવડિયા કોલોની માં પોલીસ સ્ટેશન સામે આવેલ ૫ એકર જમીનમાં રેલવે સ્ટેશન બનાવવા માં આવવાનું હતું પરંતુ જેમાં ૨ એકર ખાનગી મલિક ચંચળબેન પુનિયાભાઈ તડવી નો સર્વે નંબર ૨૧૯ નીકળતા આ રેલવે સ્ટેશન ફરી વિવિદ માં આવ્યું છે. સરદાર સરોવર નર્મદા બંધ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા વિશ્વના મહત્વના સ્થળ તરીકે સરકારપ્રવાસીઓ માટે સારો રસ્તો અને ટ્રેન સુવિધા હોય તો પ્રવાસીઓ આવે જે હેતુ સર રાજ્ય સરકાર દ્વારા ફોરલેન રોડ તો બનાવાઈ રહ્યો છે પરંતુ હવે ચાંદોદ થી સીધી રેલવે લાઈન કેવડિયા લઈ જવા માંગે છે, જે બાબતે સર્વે થઈ ગયો અને કેવડિયા પોલીસ સ્ટેશન આગળ જંકશન બનશે આ બાબતે થોડા દિવસ પહેલા સેન્ટ્રલ રેલવે બોર્ડ ના ચેરમેન, એમ.ડી સહીત ટીમ કેવડિયા આવી અધિકારીઓ સાથે બેઠક પણ કરી હતી. આ સમગ્ર તૈયારી થઈ ગઈ છે ત્યારે હવે લાઈનો માટે જમીનો ના સંપાદન આવતા જેનો વિરોધ થઈ રહ્યો છે. અને તાજેતરમાં આ લાઈન જે ખેડૂતોના ખેતરમાં થી જઈ રહી છે તે ખેડૂતો આ લાઈનનો ઉગ્ર વિરોધ કરી રહ્યા છે.હવે મુખ્ય જંકશન વાળી જમીનનો વિરોધ થતા મામલો ગરમાયો છે અને જંક્શન પણ વિવિડમાં આવ્યું છે.ત્યારે હવે વચગાળાનો રસ્તો કાઢે અને આ કામગીરી આગળ વધારે એ જરૂરી બન્યું છે.

નારાયણ સરોવર પોલીસ દ્વારા રાધનપુર - નારાયણ સરોવરના એસટી બસના ડ્રાઈવરની કેબિનમાંથી દારૂનો જથ્થો ઝડપી પાડયો



ભુજ-કચ્છ: રાધનપુર - નારાયણ સરોવર બસના ડ્રાઈવરની કેબિનમાંથી ગેરકાયદેસર રીતે દારૂનો જતો લઈને આવી રહ્યો છે તેવી બાતમીના આધારે પોલીસે બસ રોકીને તપાસ કરતા તેમાંથી દારૂનો મળી આવ્યો હતો.

મળતી વિગતો અનુસાર ગઈ કાલે સાંજના સમયમાં નારાયણ સરોવર ત્રણ રસ્તા પર પોલીસ ટ્રાફિક ડ્રાઇવ પર હતા તે સમયે બાતમી અનુસાર રાધનપુર એસટી બસના ડ્રાઈવર દારૂ લઈને આવી રહ્યો છે તેવી સચોટ બાતમીના આધારે આ બસને નારાયણ સરોવર ત્રણ રસ્તા પાસે રોકીને તપાસ કરતા ડ્રાઈવરની સીટ ની પાછળના ભાગમાંથી દારૂનો જથ્થો કપડાની બેગમાંથી સીલપેક કવટરીયા નંગ ૨૧ મળી આવી હતી. તેની કિંમત રૂપિયા ૪૨૦૦ થાય છે. એસટી બસ સહિત કુલ મુદ્દામાલ કી. રૂ.૧૦,૪૨૦૦નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. આ કામગીરીમાં પીએસઆઈ ડી.એ. ઝાલા, મેઘજીભાઈ જુ, મથુરજી કુડેચા, સુરેશભાઈ, ભરતસિંહ સોલંકી વગેરે જોડાયા હતા.

મોરબીના પંચાસર રોડ પરથી વિદેશી દારૂ સાથે એક આરોપી ઝડપાયો



પંચાસર રોડ પરથી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન એક ઈસમને ઝડપી લઈને તેની પાસેથી વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી આદરી છે

મોરબી જીલ્લા પોલીસવડા ડો. કરનરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ એ ડીવીઝન પીઆઈ આર જે ચૌધરી અને પીએસઆઈ એમ વી પટેલની ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન બાતમીને આધારે પંચાસર રોડ પરની રાધાક્રિષ્ના સોસાયટી નજીક બાવળ પાસેથી સાહિલ ઉર્ફે ચનો મહમદ મિયાણા રહે વાવડી રોડ વાળો ઈંગ્લીશ દારૂ ઉતારેલ હોય આરોપી સાહિલ ઉર્ફે ચનો મહમદ મિયાણાની અટકાયત કરી ૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ કીમત ૧૦,૮૦૦ જપ્ત કરી વધુ તપાસ ચલાવી છે

કેવડિયા ખાતે નિર્ભયા સ્કવોડની બાજ નજર

ત્રીજી આંખ સમાન બટન કેમેરા સાથે સતત પેટ્રોલિંગ

સ્ટેચ્યુ લોકાર્પણને ગણતરીના દિવસો બાકી છે ત્યારે કેવડિયા ખાતે નિર્ભયા સ્કવોડ પણ સલામતી માટે સજ્જ





રાજપીપળા : ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રિમ પ્રોજેકટ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી હાલ તૈયાર થઈ ચૂકી છે.આગામી ૩૧મી ઓક્ટોબરે વડાપ્રધાન મોદી સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ માટે આવનાર હોવાથી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરાઈ રહી છે. હાલ કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે ગુજરાતના મુખ્યમંત્રી સહિત અનેક ંત્રીઓ અવાર નવાર આવી રહ્યા છે. અને લોકાર્પણ ના કાર્યક્રમ માં કાયદો વ્યવસ્થા અને સલામતીના પગલાં લેવા નર્મદા પોલીસ રાત દિવસ એક કરી સતત કાર્યરત છે ત્યારે નર્મદા જિલ્લા પોલીસ વડા દ્વારા શરૂ કરાયેલ નિર્ભયા સ્કવોડ પણ સતત બટન કેમેરા સાથે પેટ્રોલિંગ કરી બાજ નજર રાખી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નો ડ્રિમ પ્રોજેક્ટ હોઈ અને દુનિયા નું સૌથી મોટું સ્ટેચ્યુ નિર્માણ થયું છે અને આગામી દિવસો માં નર્મદા જિલ્લાનું નામ વિશ્વ ફલક પર ઝળહળી ઉઠશે અને લોકાર્પણ કાર્યક્રમમાં ઘણા બધા મહાનુભાવો પધારવાના હોઈ કોઈ પણ સલામતી માં ચૂક ન રહી જાય તે દિશા માં નર્મદા પોલીસ દ્વારા પગલાં લેવાઈ રહ્યા છે અને સાથે સાથે નિર્ભયા સ્કવોડ પણ તમામ કેવડિયા સહિત બંધ સ્થળ અને સ્ટેચ્યુ સહિત ના ભાગો માં બાજ નજર રાખી રહી છે ત્યારે શાળા કોલેજો બહાર કે જાહેર સ્થળો પર રોમિયોગીરી કરતા તત્વો સામે કડક પગલાં લઈ એની શાન ઠેકાણે લાવનાર આજ નિર્ભયા સ્કોડ ની નર્મદા જિલ્લા પોલીસ વડા મહેન્દ્ર બગડિયા દ્વારા સ્થાપના કરાઈ હોય આ સ્કોડ ખુબ સફળ કામગીરી કરી રહ્યું છે ત્યારે આ સ્કોડ ના લીડર પી એસ આઈ કે કે પાઠક છે.

ઘર વગરના નિરાધારોને હવે મળશે સુવા માટે જગ્યા: ઠંડી, ગરમી, અને વરસાદમાં પણ આરામથી સુઈ શકશે





ભરૂચ નગરપાલિકા દ્વારા ગુજરાત માં પ્રથમ નવતર પ્રયોગ હાથ ધર્યો છે.સ્કેપની બસો માંથી નવી બનવી તેમાં બેડની સુવિધાઓ બનાવી ગરીબ અને ઘર વિહોણા લોકો માટે રેઈન બસેરા આશ્રય સ્થાન બનશે.થોડાંક દિવસો માં પાલિકા દ્વારા તેનું લોકર્પણ કરવામાં આવનાર છે.

ભરૂચ નગરપાલિકાએ શહેરમાં એકલવાયું જીવન જીવતા અથવા શહેરનાં રસ્તા ઉપર ખુલ્લામાં સૂઈ જતા ભિક્ષુકોની સ્થિતિ શિયાળા માં અત્યંત દયનીય બની જતી હોય છે, ત્યારે આવા સંજોગોમાં નગરપાલિકા દ્વારા રેઈન બસેરાની વ્યવસ્થા કરવામાં આવી છે.

ભરૂચ નગર પાલિકા દ્વારા શહેરમાં રહેતા ભિક્ષુકો માટે આશ્રય સ્થાન સમા રેઈન બસેરાની શરૂઆત કરવામાં જઈ રહી છે.જેમાં ખાસ પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.આગામી ટૂંક સમયમાં ભિક્ષુકો માટેની આ અનોખી બસ સેવા શરૂ થવા જઈ રહી છે. હાલ પુરતી પાલિકાએ એસટી પાસેથી બે સ્કેપ બસો લઈને તેમાં સુવિધાઓ ઉપલબ્ધ કરી છે.બે બસોમાં એકમાં ૧૦ મહિલાઓ અને બીજી બસમાં ૧૦ પુરૂષો રહી શકે છે.

જે બાબતે પાલિકા પ્રમુખ સુરભી તમ્બાકુવાળાએ જણાવ્યું હતું કે, શહેરમાં ફૂટપાથ ઉપર સૂઈ જતાં જરૂરિયાતમંદ લોકો અને ભિક્ષુકો આ રેઈન બસેરા બસ સેવાનો લાભ લઈ શકશે તથા બસમાં લાઈટ-પંખાની પણ સુવિધા પણ છે. તો તેમને ઉંઘવા માટે બેડ તેમજ ઠંડીથી રક્ષણ મેળવવા માટે ધાબળાની પણ પાલિકાએ વ્યવસ્થા કરી છે.તેમજ થોડાં સમયમાં રેલવે સ્ટેશનની સામેનાં ભાગમાં જ્યાં પહેલા સીટી બસ સેવાનું સંચાલન કરવામાં આવતું હતું. ત્યાં આ બસોને ઊભી રાખવામાં આવશે.જેનો આગામી સમયમાં લોકાર્પણ કરવામાં આવશે.

નર્મદા જિલ્લામાં સ્ટાફની અછતના કારણે હાજર સ્ટાફ હાડમારી વેઠી રહ્યો છે ત્યારે...

સ્ટેચ્યુ ઓફ યુનિટીને લઈને કેવડીયામાં નવું ટ્રાફિક પોલીસ મથક ઉભું કરવા રાજ્ય સરકારની મંજૂરી

વર્ષોથી નર્મદા જિલ્લામાં પોલીસ ખાતામાં સ્ટાફની ભારે અછત છે જેમાં બહારના જિલ્લાઓમાં બંદોબસ્ત સહીત મોટા તહેવારોમાં બંદોબસ્તમાં પણ નર્મદા પોલીસનો સ્ટાફ ધકેલવામાં આવતા હાજર કર્મચારીઓ પર કામનું વધુ ભારણ આવે એવી સ્તિથી સર્જાય છે સાથે સ્ટાફની અછતના કારણે રાજપીપળામાં ઘણા સમયથી ટ્રાફિક પોલીસના જવાનો પણ ન મુકાતા ટ્રાફિક સમસ્યા વિકટ બની છે છતાં કોઈ મંત્રી કે નેતા કે ગૃહ વિભાગ દ્વારા આ બાબત ગંભીરતાથી લેવામાં આવી નથી અને હાલ સ્ટેચ્યુ ઓફ યુનિટી ના કારણે તાત્કાલિક ૮૫ પોલીસ કર્મીઓનું મહેકમ મંજુર કરાયું છે એ બાબત નર્મદામાં ચર્ચામાં રહી હતી .

રાજપીપળા: નર્મદા જિલ્લાના કેવડીયા ખાતે અખંડ ભારતના શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમાંનુ નિર્માણ કાર્ય પૂર્ણ થયેલ છે.ભારતની એકતા અને અખંડતાના પ્રતિક રૂપ આ પ્રોજેક્ટના લોકાર્પણ માટે ભારત દેશને વડાપ્રધાન ૩૧/૧૦/૨૦૧૮ના રોજ આવનાર છે.લોકાર્પણના આ કાર્યક્રમમાં દેશ-વિદેશમાંથી અનેક વી.આઈ.પી./વી.વી. આઈ.પી. મહાનુભાવો તેમજ અત્યંત મોટી સંખ્યામાં જનમેદની આવે તેવી સંભાવના છે.આ લોકાર્પણ કાર્યક્રમ બાદ પણ દેશના અલગ—અલગ રાજ્યમાંથી તથા વિદેશમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા સરદાર સરોવર/નર્મદા ડેમ,સૂચિત વેલી ઓફ ફ્લાવર જો વૈશ્વિક કક્ષાના પ્રવાસન ધામોની મુલાકાતે આવવાની સંભાવના છે.જેને ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે તથા ટ્રાફિકના સુચારૂ નિયમન અર્થે કેવડીયા ખાતે નવું ટ્રાફિકોલીસ સ્ટેશન ઊભુ કરવાની રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. જે અ?વયે ૦૧બિન હથિારી પો. ઈન્સ્પેક્ટર,૦૨ બિન હથિયારી પો.સબ ઈન્સ્પેક્ટર, ૧૦ બિન હથિયારી એ.એસ.આઈ, ૧૫ બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ,૩૯ બિન હથિયારી પો.કોન્સ્ટેબલ,૦૩ હથિયારી એ.એસ.આઈ, ૧૫ હથિયારી પો.કોન્સ્ટેબલ મળી કુલ ૮૫ પોલીસ કર્મીઓને સ્ટાફનું મહેકમ મંજુર કરાયું છે.

વધુમાં, કેવડીયા પોલીસ સ્ટેશનને પોલીસ સબ ઈન્સ્પેક્ટર કક્ષામાંથી પોલીસ ઈન્સ્પેક્ટર કક્ષામાં અપગ્રેડ કરવાની પણ રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ કાર્યક્રમમાં વિશાળ જનમેદની આવે તેવી સંભાવના હોઈ ટ્રાફિકની ભારે મોટી અવર-જવરને ધ્યાને લઈ ટ્રાફિક નિયમન હેતુસર કુલ-૪૬ ટ્રાફિક બ્રિગેડના કર્મચારીઓ માટેનું માળખું રાજ્ય સરકાર દ્વારા નવું મંજૂર કરવામાં આવ્યું છે.

રાજપીપળા સ્ટેશન રોડ પર

ઉભરાતી ગટરો બાબતે પાલિકા દ્વારા પ્રચાર ગાડી ફેરવાઈ



રાજપીપળા : રાજપીપળા ના સ્ટેશન રોડ ખાટકી વાડ પાસે ઉભરાતી ગટરો નું પાણી માર્ગો પર ફરી વળતા જંગ એ ગુજરાત એ જવાબદાર દુકાનદારો ને જાગૃત કરવા પાલિકા દ્વારા કડક પગલાં લેવાય એવો અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવતા પાલિકા સત્તાધીશો એ તુરત પગલાં લઈ તાકાકિ એજ દિવસે એક પ્રચાર ગાડી સ્ટેશન રોડ ઉપર ફેરવી જેમાં ખાસ પ્લાસ્ટિક નો વપરાશ સદંતર બંધ કરવો અને કચરો ગમે ત્યાં ન નાખી કચરા ની ગાડી કે ડોર ટુ ડોર આવતા કર્મચારીઓ નેજ આપી ગંદકી ન કરવા કડક સૂચના અપાઈ હતી આ પ્રચાર ગાડી આખા ગામ માં ફરી લોકો ને જાગૃત કરવા એક પ્રયાસ કરાયો હતો. જોકે રાજપીપળા શહેર માં અમુક લોકો ગટરો માં કે ફળિયા માં ગમે ત્યાં કચરો નાખવા ટેવાયેલા હોય એમને સુધારવા અને એમના જ ઘર કે ફળિયા ને સ્વછ રાખવા પાલિકા દ્વારા વારંવાર અપીલ કરાતી હોવા છતાં લોકો માં જાગૃતિ નો અભાવ હોવાના કારણે આખરે દોષ નો ટોપલો પાલિકા ના સફાઈ કામદારો ના માથે નંખાય છે ત્યારે હવે પાલિકા સત્તાધીશો એ વધુ કડક પગલાં લેવા જોઈએ એમ લાગી રહ્યું છે

જંગ-એ-ગુજરાતના અહેવાલ બાદ પાલિકા દ્વારા જાગૃતિ પ્રચાર

રાજપીપળા સરકારી દવાખાના ખાતે અમૃત પેય ઉકાળાનું પાંચ વખત વિતરણ



રાજપીપળા : રાજપીપળા ખાતે આવેલા સરકારી આયુર્વેદ દવાખાના પૈકી નાંદોદ દવાખાના દ્વારા ગત વર્ષ ની જેમ આ વર્ષે પણ સ્વાઈન ફલૂ (સીઝનલ ફલૂ) સામે રક્ષણ મેળવવા અમૃત પેય ઉકાળા નું વિતરણ ચાલુ થયું હતું જેમાં પાંચ દિવસ માં ૧૫૦૦ થી વધુ લોકો એ આ ઉકાળો પીધો હોય સમયાંતરે વિના મુલ્યે અપાતા આ ઉકાળા થી સ્વાઈન ફલૂ જેવા રોગો સામે રક્ષણ મળતું આવ્યું છે જેના કારણે નર્મદા જિલ્લા માં ચાલુ સીઝન ની બેવડી ઋતુ હોવા છતાં એક પણ સ્વાઈનફલુ નો કેશ જોવા મળ્યો નથી જે ખાસ કરી ને આ સીઝન માં અપાયેલા આ આર્યુવેદ ઉકાળા ના કારણે બન્યું છે નહી તો અગાઉ ના વર્ષો માં સ્વાઈનફલુ ના અમુક કેશો રાજપીપળા સહીત નર્મદા માં જોવા મળ્યા હતા.

વડોદરા શહેરમાં એક વધુ પોલીસ ચોકી બની





વડોદરા શહેર માં કાઈમ કંટ્રોલ કરવા શહેર પોલીસ કમિશનર દ્વારા એક વધુ પોલીસ ચોકી નું ગત રોજ લોકાર્પણ કરાયું.

વડોદરા શહેર ના સેન્સેટિવ વિસ્તાર વાડી જ્યાં કોમી છમકલાં ને અવકાશ રહેછે તેવા વાડી પોલીસ સ્ટેશન ની કામગીરી વધુ સુચારુ બને તે માટે વાડી પો.સ્ટે.ની હદમાં ગોયાગેટ પોલીસ ચોકી ની શરૂઆત ગત રોજ શહેર પો.કમી ગેહલોટ ના વરદ હસ્તે પોલીસ ઓફિસરો ની હાજરી માં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉદબોધન માં સી.પી.ગેહલોટ વડોદરા વળી વિસ્તાર ની સઘન સુરક્ષા રહે અને ગુન્હાખોરી કાબુમાં રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી.

ડેડીયાપાડા પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે ૩ ઈસમોને ૨ લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા, ૧ ફરાર

રાજપીપળા:નર્મદા જિલ્લા પોલિસ વડા મહેન્દ્ર બગડીયાએ જિલ્લામાં ગેરકાયદેસર વિદેશી દારૂની હેરાફેરી પર રોક લગાવવા પોલીસ ટીમને કડક સૂચના આપી છે.સાથે સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણને લઈને જિલ્લામાં ગેર કાયદેસરની તમામ કામગીરી નાબૂદ કરવા પોલીસ વિભાગને સઘન પેટ્રોલિંગ કરવા જણાવ્યું છે.

નર્મદા જિલ્લા પોલીસ વડા મહેન્દ્ર બગડીયાની સૂચનાથી ડેડીયાપાડા પોલીસ મથકની ટીમો સઘન પેટ્રોલિંગ અને વાહન ચેકીંગ દરમિયાન ત્યાંથી એક કારમાં વિદેશી દારૂ લઈ જવાતો હોવાની બાતમી મળી હતી. દરમિયાન ત્યાંથી શંકાસ્પદ હાલતમાં નંબર વગરની પસાર થઈ રહેલી એક કારને રોકી તપાસ હાથ ધરતા એમાંથી વિદેશી બનાવટની ૧૧૮૨ નંગ દારૂની બોટલો કિંમત રૂ.૧,૮૮,૭૦૦/- મળી આવી હતી.આ તપાસ દરમિયાન ચાલક મેહુલ મંગળ વસાવા(રહે. જુનાઘાટા, તા.નાંદોદ) સ્થળ ઉપર પોતાની ગાડી મુકી ફરાર થઈ ગયો હતો.બાદ પોલીસે યોગેન્દ્રભાઈ પરસોત્તમભાઈ વસાવા, પોતાની મો.સા પર પાયલોટિંગ કરતા હરેશ હરીસીંગ વસાવા તથા દશરથભાઈ ભુદરભાઈ વસાવાને (ત્રણેવ રહે. જુનાઘાટા, નાંદોદ) વિદેશી દારૂ તથા ૧ લાખની સુમોગાડી,૧ મોબાઈલ મળી કુલ ૨,૮૯,૨૦૦/- ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.